# સોરીયાટીક આર્થરાઇટીસ

❖ **સોરીયાટીક આર્થરાઇટીસ કોને થઇ શકે છે?**

- સોરીયાસીસ નામનો ચામડીનો રોગ ધરાવતા દદીઁઓમાં આ રોગ થાય છે. આ રોગ સ્ત્રી અને પુરુષોમાં સમાન રીતે કોઇ પણ ઉમરે થઇ શકે છે.

❖ **સોરીયાટીક આર્થરાઇટીસમાં કઇ તપાસ કરવામાં આવે છે?**

- નિદાન થયા બાદ દવા શરૂ કરતા પહેલા લોહીના કણો, લિવર, કિડની ની લોહી દ્વારા તપાસ જરૂર પ્રમાણે કરવામાં આવે છે.અસર પામેલા સાંધાના એક્સરે જરૂર પ્રમાણે કરી શકાય.

❖ **સોરીયાટીક આર્થરાઇટીસ થવાનુ કારણ શું છે?**

- શરીર ની રોગપ્રતીકારક શક્તિ [Immune System] ખામીયુક્ત હોવાના કારણે સોરીયાસીસ અને સોરીયાટીક આર્થરાઇટીસ થાય છે.

❖ **સોરીયાટીક આર્થરાઇટીસ નું નિદાન કઇ રીતે કરવામાં આવે છે?**

- સોરીયાટીક આર્થરાઇટીસનું નિદાન બીજા સાંધાના વા નથી તેની ખાત્રી કર્યા બાદ લાક્ષણીક ચિન્હો ધરાવતા દદીઁઓમાં નિષ્ણાત ડૉક્તર દ્વારા કરવામાં આવે છે.

❖ **સોરીયાટીક આર્થરાઇટીસ ની સારવારમાં કઇ દવાઓ વપરાય છે?**

સોરીયાટીક આર્થરાઇટીસ ની સારવાર મા બે પ્રકાર ની દવાઓ વપરાય છે.
સાંધાના દુખાવા તથા સોજા ઉતારવા માટે ની દવાઓ.

- NSAIDS ( DICLOFENAC, NAPROXEN, ETORICOXIB,ACECLOFENAC ) વગેરે દવાઓ સાંધનો સોજો ઉતારવામાં મદદ રૂપ થાય છે અને દુ:ખાવામા રાહત થાય છે, આ દવાઓ દદીઁની ઉમર, વજન વગેરે ધ્યાનમાં રાખીને લખવામાં આવે છે.
- STEROID પ્રેડનીસોલોન પ્રકાર ની દવાઓ દદીઓમાં ઓછામાં ઓછી માત્રામાં ટૂંક સમય માટે વાપરવામાં આવે છે.
- બીમારીને કાબુમાં લાવતી દવાઓ:
- DMARDS :- મિથોટ્રેક્સેટ, લેફ્લુનોમાઇડ, સલ્ફાસેલેઝીન પ્રકાર ની દવાઓ બીમારીને કાબુમાં લાવે છે અને શરીરમા થતુ નુક્શાન અટકાવે છે.
- BIOLOGICS :- Etanercept, Infliximab પ્રકારની દવાઓ શરીરની રોગ પ્રતીકારક શક્તીની ખામીઓને કાબુમાં લાવી અને બિમારીથી શરીરને થતું નુકસાન અટકાવે છે.

❖ **શું સોરીયાટીક આર્થરાઇટીસ મટી શકે છે?**

- સોરીયાટીક આર્થરાઇટીસ મટવાની શક્યતા બીમારીની તિવ્રતા ઉપર આધાર રાખે છે, હળવી બીમારી કાબુમાં આવ્યા પછી દવા વગર પણ સારી રહી શકે છે. ખુબ જ તિવ્રતા ધરાવતી બીમારી દવા વગર સારી રહી શક્તી નથી.

❖ **શું ખોરાક સાથે આ બીમારી ને કોઇ સંબંધ છે?**

- ના. ખોરાક સાથે આ બીમારીને કોઇ સંબંધ નથી.

RHEUMATOLOGY ASSOCIATION GUJARAT